RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૧૦ | અંક: ૬ | ડિસેમ્બર - ૨૦૨૪ | કિંમત: ૧૦/-



# માનવમાંથી મહામાનવ બનવાની ક્રિયા

## સાધકમાંથી સિદ્ધ બનાવી દેનાર

## અતિશક્તિશાળી પ્રચંડ અને દુર્લભ શક્તિપાત એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

**ભાગ-૧, ભાગ-૨**

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9429208997**



॥ ૐ નમઃ ॥

ૐકાર संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ

**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ડિસેમ્બર -૨૦૨૪ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૬
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આપ સૌ ભક્તજનોનું વર્ષ-૨૦૨૫નું વર્ષ ખૂબ જ આનંદમય પસાર થાય એવી શુભેચ્છા... આપ સર્વ ભક્તજનો ૐકાર સંપ્રદાયના મેગેઝિનમાં આવતી સાધનાઓ, મંત્રો તેમજ ગુરુજી દ્વારા કરાવવામાં આવતી મહાસાધનાઓનો લાભ તો લઈ જ રહ્યા છો અને સાથે-સાથે દર વર્ષે ગુરુજીની પાવનનિશ્રામાં યજ્ઞનો લાભ લેતા ભક્તજનોએ પોતાના જીવનમાં અદ્‌ભૂત અને ચમત્કારિક પરિણામ ચોક્કસ મેળવ્યા છે એનો ગુરુજીને આનંદ છે. ગુરુજીનો એક માત્ર ઉદ્દેશ્ય છે કે દરેક ભક્તજન મંત્ર, મંત્રશક્તિપાત, ત્રિત્રાંશ ક્રિયાયોગ અને મહાસાધનાઓના માધ્યમથી પોતાના પ્રશ્નોના સમાધાન મેળવવામાં સફળ બને અને દરેક ભક્તજનનું જીવન સુખમય બને.

અહીં ગુરુજીના એક ભક્તે રચેલ પ્રાર્થના રજૂ કરું છું.

## 'પરમ સમીપે'

ભજમન ૐઋષિ સ્વામી ભજામિ, ભજમન ૐઋષિ સ્વામી ભજામિ
ચરણમાં આપના સેવા હું યાચું !... સેવા હું યાચું
મુખારવિંદ પર વેદો હું વાંચું... વેદો હું વાંચું
શરણમાં આપના નિત્ય હું રાચું !... નિત્ય હું રાચું
નિહાળું આપમાં સ્વર્ગ હું સાચું... સ્વર્ગ હું સાચું
કણે કણમાં ૐકારને ભાળું !!! ૐકારને ભાળું
ૐઋષિના નિત ચરણ પખાળું... ચરણ પખાળું
ૐઋષિ તો છે એવા કૃપાળુ !!! છે એવા કૃપાળુ
ખોલી નાખે જે ભાગ્યનું તાળું... ભાગ્યનું તાળું
હરણ કરોજી મુજ દોષ દ્રષ્ટિનું... દોષ દ્રષ્ટિનું
ભરણ ભરો ગુરુ કૃપા દ્રષ્ટિનું... કૃપા દ્રષ્ટિનું
વરણ શિષ્યતણું વાંચ્છુ તમ ચરણે... ગુરુ તમ ચરણે
કૃપા કરી લ્યો ભક્તને શરણે... ભક્તને શરણે
નિર્વિકાર નિષ્પાપ હો મુજ મન... નિષ્પાપ હો મુજ મન
કંચન જેવું શુદ્ધ હો મુજ તન... શુદ્ધ હો મુજ તન
આત્મામાં પરમાત્મા હું ભાળું... પરમાત્મા હું ભાળું
અનાવરણ શુદ્ધ ભક્તિમાં મ્હાલું!... શુદ્ધ ભક્તિમાં મ્હાલું
સ્વપ્ન કરો પ્રભુ મારું એ સાચું... ઋષિ મારું એ સાચું
મોક્ષ પછી હું ઈન્દ્રલોક જ યાચું...
મોક્ષ પછી હું ઈન્દ્રલોક જ યાચું...
મોક્ષ પછી હા ઈન્દ્રલોક યાચું...

ગુરુજીના આશીર્વાદ સદાય આપ સૌ પર રહે એવી એમના ચરણોમાં અભ્યર્થના સાથે મારી વાતને અહીં વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||

# કાળીચૌદશની મહાશક્તિ મહાસાધના

**મંત્રયુગપરિવર્તક ઊઁકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ઊઁઋષિ સ્વામીની પાવન નિશ્રામાં ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ - કાળી ચૌદશના દિવસે યોજાયેલ દિવ્ય મહાસાધનાની પાવન ઝલક...**





























# સોમવાર થી રવિવાર-૨૦૨૫ના દિવ્યમંત્રોથી આપના જીવનમાં ઉત્તમ અનુભવ પ્રાપ્ત કરો

સમગ્ર બ્રહ્માંડને ચલાવવા માટે જે ઊર્જા કાર્યરત છે તેનું સર્જન પ્રણવબ્રહ્મ ૐ ની દિવ્ય ચેતનામાંથી થાય છે. ટૂંકમાં સમજીએ તો સમગ્ર બ્રહ્માંડ ૐ ના દિવ્ય ચૈતન્યરૂપ શક્તિથી સંચાલિત થાય છે.

ૐ ની દિવ્ય ચેતનાના માધ્યમથી વતાકીતા નામક ઊર્જાની ઉત્પત્તિ કરી અને એ ઊર્જાથી મંત્રોનું સર્જન આ વખતે મેં કર્યું છે. આ મંત્રોનું જે સર્જન થયું છે તે મંત્રો સોમવાર થી રવિવાર સુધી કરવા માટેના ૨૦૨૫ના વર્ષ માટેના મંત્રો છે.

વતાકીતા નામક ઊર્જાના માધ્યમથી સર્જન કરેલા મંત્રોથી આપની આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર થાય અને આપ આપના રોજબરોજના કાર્યમાં સરળતા પ્રાપ્ત કરી શકો તેવી ઉત્તમ ભાવના સાથે આ મંત્રો આપને હું આપવા જઈ રહ્યો છું.

આ પૃથ્વી પર રહેતા દરેક મનુષ્યએ બીજા મનુષ્યનું પણ કલ્યાણ થાય તેવી ભાવના પણ મનમાં રાખવી જોઈએ. પ્રત્યેક મનુષ્ય એ આ પૃથ્વી પર ઈશ્વરનો અંશ છે. માટે ઈશ્વરના સંતાનો બની આપણે એકબીજા માટે શુદ્ધ ભાવના કેળવીએ તો આ જગત પવિત્ર બની જાય.

## સોમવાર

**દિવ્ય મંત્ર : ॥ ૐ વાજમ વાજમ નમો નમઃ ॥**

આ મંત્ર ગણતી વખતે બે ઈલાયચીના દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## મંગળવાર

**દિવ્ય મંત્ર : ॥ ૐ ત્રાજમ ત્રાજમ નમો નમઃ ॥**

આ મંત્ર ગણતી વખતે બે લવીંગના દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## બુધવાર

**દિવ્ય મંત્ર : ॥ ૐ પાવજ પાવજ નમો નમઃ ॥**

આ મંત્ર ગણતી વખતે મગના બે દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## ગુરૂવાર

**દિવ્ય મંત્ર : ॥ ૐ કાવજ કાવજ નમો નમઃ ॥**

આ મંત્ર ગણતી વખતે ચોખાના બે દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## શુક્રવાર

**દિવ્ય મંત્ર : ॥ ૐ રાજવ રાવજ નમો નમઃ ॥**

આ મંત્ર ગણતી વખતે ઘઉંના બે દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## શનિવાર

**દિવ્ય મંત્ર : ॥ ૐ નાવજ નાવજ નમો નમઃ ॥**

આ મંત્ર ગણતી વખતે કઠોળના ચણાના બે દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## રવિવાર

**દિવ્ય મંત્ર : ॥ ૐ દાવજ દાવજ નમો નમઃ ॥**

આ મંત્ર ગણતી વખતે તજના બે દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

**ઉપરોક્ત વાર મુજબ આપેલ મંત્ર રોજ નિયમિત કરવાથી આપના આર્થિક લક્ષ્યાંકો અવશ્ય સિદ્ધ થશે.**

# જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫ સુધી આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેના દિવ્ય મંત્ર

## જાન્યુઆરી

### શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ॐ श्री गुरुशक्तिः ३ ॥ | ॥ ॐ श्री गुरुरक्षाः ५ ॥ | ॥ ॐ श्री लक्ष्मीतानीः ६ ॥ |
| ॥ ॐ श्री धनतानीः १ ॥ | ॥ ॐ श्री धनतंतीः २ ॥ | ॥ ॐ श्री धनवजाः ३ ॥ |
| ॥ ॐ श्री धनशुभाः ३ ॥ | ॥ ॐ श्री शुभमः ९ ॥ | ॥ ॐ श्री लाभमः ३ ॥ |

જાન્યુઆરી મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્ય મંત્ર : ॥ ૐ લક્ષ્મીતાવી સિદ્ધાવી નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

## ફેબ્રુઆરી

### શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ॐ श्री लक्ष्मीत्यः २२ ॥ | ॥ ॐ श्री लक्ष्मीवाः ११ ॥ | ॥ ॐ श्री लक्ष्मीनाः ६ ॥ |
| ॥ ॐ श्री धनवीताः २ ॥ | ॥ ॐ श्री धनरक्षाः २२ ॥ | ॥ ॐ श्री धनल्यः ३६ ॥ |
| ॥ ॐ श्री कार्यतामः ९९ ॥ | ॥ ॐ श्री कार्यवीतः २ ॥ | ॥ ॐ श्री कार्यमातीः ३३ ॥ |

ફેબ્રુઆરી મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્ય મંત્ર : ॥ ૐ કુબેરાતી ધન પ્રાગટ્ય નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# માર્ચ

## શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ૐ श्री कुबेरामः ९ ॥ | ॥ ૐ श्री कुबेरदेवः ८०८ ॥ | ॥ ૐ श्री कुबेरलक्ष्मीः ८१६ ॥ |
| ॥ ૐ श्री राजलक्ष्मीदेवीः १२ ॥ | ॥ ૐ श्री गजलक्ष्मीदेवीः ५ ॥ | ॥ ૐ श्री सूर्यविदन्त्यदेवः ९ ॥ |
| ॥ ૐ श्री राजस्वदेवः ११ ॥ | ॥ ૐ श्री सुरितुभदेवः ३ ॥ | ॥ ૐ श्री मनत्यदेवः ५ ॥ |

**માર્ચ મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો**

**દિવ્ય મંત્ર : ॥ ૐ વૈભવલક્ષ્મીદેવી સર્વસિદ્ધિ સુખાની નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# એપ્રિલ

## શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ૐ श्री गणेशायः ११ ॥ | ॥ ૐ श्री कार्तिकेयः १९ ॥ | ॥ ૐ श्री महादेवः १६ ॥ |
| ॥ ૐ श्री पार्वतीदेवीः २२ ॥ | ॥ ૐ श्री रिद्धिदेवीः ३४ ॥ | ॥ ૐ श्री सिद्धिदेवीः २१ ॥ |
| ॥ ૐ श्री शुभदेवः २९ ॥ | ॥ ૐ श्री लाभदेवः २२ ॥ | ॥ ૐ श्री नंदीरक्षाः २५ ॥ |

**એપ્રિલ મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો**

**દિવ્ય મંત્ર : ॥ ૐ લક્ષ્મીતા લક્ષ્મીતા વામલ નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# મે

## શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ૐ श्री शनिदेवः ३६ ॥ | ॥ ૐ श्री गुरुदेवः ३४ ॥ | ॥ ૐ श्री मंगलदेवः ४२ ॥ |
| ॥ ૐ श्री बुधदेवः ५५ ॥ | ॥ ૐ श्री शुक्रदेवः ५ ॥ | ॥ ૐ श्री चंद्रदेवः ६५ ॥ |
| ॥ ૐ श्री राहुदेवः ८१ ॥ | ॥ ૐ श्री सूर्यदेवः ९९ ॥ | ॥ ૐ श्री केतुदेवः ९ ॥ |

**મે મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો**

**દિવ્ય મંત્ર : ॥ ૐ શ્રી ક્ષેત્રપાળવીર ધનત્ય ધનત્ય પ્રાંગ નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# જૂન

## શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ૐ श्री विष्णुदेवायः ३३ ॥ | ॥ ૐ श्री हनुमंताः ६६ ॥ | ॥ ૐ श्री बजरंगशक्तिः ९९॥ |
| ॥ ૐ श्री धनाल्यः १२ ॥ | ॥ ૐ श्री शक्तिताः १८ ॥ | ॥ ૐ श्री शक्तित्यः ८२ ॥ |
| ॥ ૐ श्री धनीकावः ५२ ॥ | ॥ ૐ श्री धनीलावः ६१ ॥ | ॥ ૐ श्री धनल्यः ६४॥ |

**જૂન મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો**

**દિવ્ય મંત્ર : ॥ ૐ શ્રી લક્ષ્મીદેવી મહાદેવી સિદ્ધિ નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# જુલાઇ

## શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ૐ श्री धनीताः ३७ ॥ | ॥ ૐ श्री धनज्यः ४१ ॥ | ॥ ૐ श्री धनप्रताः ४० ॥ |
| ॥ ૐ श्री धनवावः २२ ॥ | ॥ ૐ श्री धनत्रावः ८८ ॥ | ॥ ૐ श्री धनकावः ७७ ॥ |
| ॥ ૐ श्री धनसिद्धाः ७५ ॥ | ॥ ૐ श्री धनन्यः ८५ ॥ | ॥ ૐ श्री धनप्यः ६५ ॥ |

**જુલાઇ મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો**

**દિવ્ય મંત્ર : ॥ ૐ કુબેરાતી વામીતાની પ્રાગટ્ય નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# ઓગષ્ટ

## શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ૐ श्री विजयतामः १२ ॥ | ॥ ૐ श्री वरुणदेवः १८ ॥ | ॥ ૐ श्री सूर्यविदन्त्यदेवः ८१ ॥ |
| ॥ ૐ श्री अग्निदेवः ८९ ॥ | ॥ ૐ श्री ૐकारदेवः ८६ ॥ | ॥ ૐ श्री कार्तिकेयदेवः ८२ ॥ |
| ॥ ૐ श्री गुरुदेवः ५५ ॥ | ॥ ૐ श्री रक्षकदेवः ६४ ॥ | ॥ ૐ श्री कल्कीदेवः ६३ ॥ |

**ઓગષ્ટ મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો**

**દિવ્ય મંત્ર : ॥ ૐ ધનલક્ષ્મીદેવી કાર્યમ કાર્યમ નમો નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# સપ્ટેમ્બર

## શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ॐ श्री शैलपुत्रीदेवीः ७ ॥ | ॥ ॐ श्री कुष्माण्डादेवीः ७७॥ | ॥ॐ श्री कालरात्रिदेवीः ६७ ॥ |
| ॥ॐ श्री ब्रह्मचारिणीदेवीः २७॥ | ॥ ॐ श्री स्कंदमातादेवीः ३७॥ | ॥ ॐ श्री महागौरीदेवीः ४७॥ |
| ॥ ॐ श्री चंद्रघंटादेवीः ५७॥ | ॥ ॐ श्री कात्यायनीदेवीः ७॥ | ॥ॐ श्री सिद्धिदात्रीदेवीः७६ ॥ |

**સપ્ટેમ્બર મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો**

**દિવ્ય મંત્ર : ॥ ૐ મહાતિકા અષ્ટલક્ષ્મીદેવી નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# ઓક્ટોબર

## શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ॐ श्री शक्तिल्यः ११ ॥ | ॥ ॐ श्री वामल्यः १८ ॥ | ॥ ॐ श्री जावल्यः २२ ॥ |
| ॥ ॐ श्री धनतंतीः २५ ॥ | ॥ ॐ श्री कुबेरदेवः ३९ ॥ | ॥ ॐ श्री क्षेत्रपालवीरः ४९ ॥ |
| ॥ ॐ श्री क्षेत्रपालरक्षाः ६० ॥ | ॥ ॐ श्री क्षेत्रपालशक्तिः ६६ ॥ | ॥ ॐ श्री रक्षामः ६९ ॥ |

**ઓક્ટોબર મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો**

**દિવ્ય મંત્ર : ॥ ૐ સુહાતીકા ગજલક્ષ્મીદેવી નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# નવેમ્બર

## શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ॐ श्री क्षेत्रपालवीर: २२ ॥ | ॥ ॐ श्री धनकुबेरदेव: २ ॥ | ॥ ॐ श्री धनशक्ति: २२ ॥ |
| ॥ ॐ श्री धनवीता: ४४ ॥ | ॥ ॐ श्री धनत्रीता: ४ ॥ | ॥ ॐ श्री धनशक्ति: ४४ ॥ |
| ॥ ॐ श्री गजशक्ति: ५५ ॥ | ॥ ॐ श्री रवल्यशक्ति: ५ ॥ | ॥ ॐ श्री कार्यशक्ति: ५५ ॥ |

**નવેમ્બર મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો**

**દિવ્ય મંત્ર : ॥ ૐ ધનસિદ્ધિ મહાલક્ષ્મીદેવી નમો નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર 3 વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# ડિસેમ્બર

## શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર


(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ॐ श्री वकम: ६६ ॥ | ॥ ॐ श्री कवक: ६ ॥ | ॥ ॐ श्री त्रवक: ६६ ॥ |
| ॥ ॐ श्री जाविक: ७७॥ | ॥ ॐ श्री त्राविक: ७ ॥ | ॥ ॐ श्री राविक: ७७ ॥ |
| ॥ ॐ श्री कर्मेतु: ९९ ॥ | ॥ ॐ श्री रावेतु: ९ ॥ | ॥ ॐ श्री जर्वेतु: ९९ ॥ |

**ડિસેમ્બર મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો**

**દિવ્ય મંત્ર : ॥ ૐ ત્રાજમ અષ્ટલક્ષ્મીદેવી નમો નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર 3 વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)



# ૐકાર ધ્યાન ભાગ - ૧

આજે હું આપ સર્વ ભક્તોને ૐકાર ધ્યાન ભાગ-૧ કરવાની પ્રક્રિયા પર સમજૂતી આપી રહ્યો છું. ૐકાર ધ્યાનની આ શ્રેણીમાં આપ સર્વ ભક્તોને ધ્યાન કઇ રીતે કરવું? ધ્યાન કરવાથી આપ કઇ રીતે આધ્યાત્મિક પથ પર આગળ વધી શકો છો? ધ્યાન કરવાથી આપની અંદર કઇ ઊર્જાનું પ્રાગટ્ય થાય છે? તેમજ ધ્યાન કરવાથી એવી કઇ શક્તિ તમારા પોતાના મોક્ષના માર્ગમાં અથવા ઈન્દ્રલોક જવાના માર્ગમાં તમને સહાય કરે છે? એના વિશે વિગતવાર આ લેખના માધ્યમથી શીખવાડી રહ્યો છું.

સૌપ્રથમ ૐકાર ધ્યાન ભાગ-૧ માં ધ્યાન સાથે કઇ રીતે તમારે જોડાવવું જોઇએ? ધ્યાન સાથે કઇ ઊર્જાનો સમન્વય કરવો જોઇએ? જેથી કરીને તમે ધ્યાનને વધુ સમૃદ્ધ રીતે વધુ સારી રીતે બેધ્યાન બન્યા વગર કરી શકો. ધ્યાનના માધ્યમથી તમને બ્રહ્માંડમાં ફરતી ત્રતા ઊર્જા ઉત્પન્ન થાય છે અને એ ઊર્જા તમારી ધ્યાનની પ્રક્રિયામાં જોડાય ત્યારે તમે ઈશ્વર સાથે જોડાઇ જાઓ છો.

હવે ધ્યાનના માધ્યમથી ત્રતા ઊર્જા એકત્રિત કરવા માટેની પ્રક્રિયા હું આપને શીખવાડી રહ્યો છું ત્યારે સૌથી પહેલા ત્રતા ઊર્જા આ બ્રહ્માંડમાંથી આપણે ભેગી કરવાની છે. જેમ આપણે ઓક્સિજન લઇએ છીએ અને કાર્બન ડાયોક્સાઇડ બહાર કાઢીએ છીએ. એમ ત્રતા ઊર્જા જ્યારે ૧૦૦ અંશ જેટલી ભેગી થાય ત્યારે તમે આત્મસાક્ષાત્કારના પથ પર આગળ વધી શકો છો.

હવે તમને પ્રશ્ન થાય કે ત્રતા ઊર્જા ૧૦૦ અંશ ભેગી કઇ રીતે થાય અને ખબર કઇ રીતે પડે કે ત્રતા

ઊર્જા ૧૦૦ અંશ ભેગી થઇ જ ગઇ? એનું થર્મોમીટર શું? તો એનું થર્મોમીટર એ કે તમે જે સમયે ધ્યાન કરવા બેસો તમારે એ સમયને નિત્ય જાળવી રાખવાનો છે એટલે એ જ સમયે ધ્યાન કરવા બેસવાનું છે. સતત ૩૦ દિવસ સુધી એ સમયને જો તમે જાળવી શકો છો તો ૧૦૦ અંશ ત્રતા ઊર્જા આપ ભેગી કરી શકશો.

ઉદાહરણ તરીકે તમે સવારે ૪ થી ૬ દરમ્યાન ધ્યાન કરવા માટે બેઠા છો પરંતુ કોઇ કારણસર એ સમય તમે સાચવી શકતા નથી તો તમે સાંજે ૪ થી ૬ દરમ્યાન પણ ધ્યાન કરી શકો છો. ટૂંકમાં સમજાવું તો સવારે જે સમયે તમે ધ્યાન કરવા બેસો એ સમય ચૂકી જવાય તો એ સમય રાતનો અથવા બપોરનો તમે લઇ શકો છો.

ઘણીવાર ધ્યાન કરતા વખતે એવું પણ બને કે ધ્યાન કરવાના દિવસ પડી જાય, ધારોકે ત્રણ દિવસ કે પાંચ દિવસ પડી ગયા તો જેટલા દિવસ તમારાથી ધ્યાન થયું હોય એમાં તમારે ૩૩ દિવસ સુધી પરિપૂર્ણ થાય એ રીતે દિવસો પૂરા કરવા. જેમકે ૨૫ દિવસ તમે ધ્યાન કર્યું અને ૫ દિવસ પડી ગયા તો બીજા ૮ દિવસ ધ્યાન કરીને ૩૩ દિવસ કરવા અને જો સતત ૩૦ દિવસ થાય તો તો કોઇ પ્રશ્ન ઊભો થતો નથી. આ પ્રમાણે નીચે બતાવેલ ધ્યાન પ્રક્રિયા કરવાથી ૧૦૦ અંશ ત્રતા ઊર્જા પરિપૂર્ણ થઇ જ જશે. તમારે એના માટે કોઇ થર્મોમીટરની જરૂર નથી.

હવે તમે સમજી લો કે ૧૦૦ અંશ ત્રતા ઊર્જા ભેગી થઇ અને તમે ધ્યાનમાં આગળ વધ્યા એ સાથે-સાથે તમે મોક્ષ તરફ, ઈન્દ્રલોક તરફ, આત્મસાક્ષાત્કારની પ્રક્રિયા તરફ પણ આગળ વધશો.

સૌથી પહેલા ૐકાર ધ્યાન-૧ શીખવાડીશ. એ તમે ત્રીસ દિવસ કરશો એ પછી ૐકાર ધ્યાન-૨ જ્યારે તમે કરશો એટલે બીજી ૧૦૦ અંશ ત્રતા ઊર્જા મળશે. અને પછી પાછા તમે આગળ વધતા જશો. જેમ જેમ હું આ ધ્યાનની શૃંખલામાં આગળ ને આગળ તમને સમજાવતો જઇશ એ પ્રમાણે જો તમે કરતા જશો તો તમારી આધ્યાત્મિક ક્રાંતિ પરિપૂર્ણતા તરફ આગળ વધશે.

હવે ૐકાર ધ્યાન-૧ કઇ રીતે કરવું એની સમજૂતી મારે તમને આપવાની છે. તમે રાહ જોઇ રહ્યા હશો પરંતુ હું એ સમજાવવાનો પ્રયત્ન કરતો હતો કે અત્યાર સુધી તમે જે ધ્યાન કર્યું એમાં તમારે શું મેળવવાનું છે? તો તમે કહેશો કે મોક્ષ મેળવવાનો છે. હું પૂછું કે બીજું શું મેળવવાનું છે? તો તમે એવું પણ કહેશો કે આત્મસાક્ષાત્કાર મેળવવાનો છે. તો કઇ રીતે મળશે? અહીંથી મુંબઇ જવા સુધીની વાત સમજાઇ ગઇ. પણ ટ્રેનથી, બસથી, પ્લેનમાં, ચાલતા, કારમાં એ તમને ખબર નથી. એમ ત્રતા ઊર્જા તમને ઈન્દ્રલોક, મોક્ષલોક, આત્મસાક્ષાત્કાર સુધી લઇ જવા માટેનું વાહન છે. તો આજે ૐકાર ધ્યાન-૧, ૧૦૦ અંશ ત્રતા ઊર્જા ભેગી કરવા માટે ૩૦ દિવસ સુધી આ ધ્યાન પ્રક્રિયા તમારે કરવાની છે.

# ૐકાર ધ્યાન-૧ પ્રક્રિયાની સમજૂતી

(૧) સૌપ્રથમ ઊંડો શ્વાસ લો અને બહાર કાઢો. એવું સાત વાર કરવાનું છે.

(૨) આટલું કર્યા બાદ ॥ ૐ નમઃ ॥ ત્રણ વખત બોલવાનું છે.

(૩) હવે આંખ બંધ, ધ્યાનસ્થ અવસ્થામાં, ધીરે-ધીરે તમે તમારી આંખ સામે એકદમ વાદળી કલર છવાયેલો છે એને જોવાનું શરૂ કરો. વાદળી કલર જોવાનું જ્યારે તમે શરૂ કરશો તો ધીરે-ધીરે એ વાદળી કલરમાંથી કોઈ કલર નીકળી રહ્યો છે એવું તમારા મનમાં સંદેશો પહોંચાડવાનો છે કે કોઈક કલર બહાર નીકળી રહ્યો છે.

વાદળી કલરને જોતા તમને કોઈપણ કલર દેખાઈ શકે છે. અત્યારે જ્યારે હું જોઈ રહ્યો છું તો લીલો કલર મારી આંખ સામેથી પસાર થઈ રહ્યો છે. એ વાદળી રંગમાંથી ધીરે-ધીરે લીલો કલર બહાર નીકળી મારી આંખ સામેથી પસાર થઈ રહ્યો છે.

મારા મનમાં વિચારો ચાલી રહ્યા છે. મારા મનમાં એ વિચારો ચાલી રહ્યા છે કે આ પ્રક્રિયા હું તમને બરાબર સમજાવી રહ્યો તો છું પણ તમારી સમજમાં જઈ રહી છે? એવી જ રીતે તમારા મનમાં પણ અલગ-અલગ વિચારો આવતો હશે, જેમ કે અત્યારે ધ્યાન કર્યા પછી મારે શું કરવાનું? તો આવા કોઈપણ વિચારને આવવા દો. ધ્યાન કર્યા પછી મારે આ કાર્ય કરવાનું છે એ વિચારને આવવા દો. તમને જે કોઈપણ પણ સારા-ખરાબ વિચારનો પ્રવાહ મનની અંદર ચાલતો હોય એને ચાલવા દો.

(૪) હવે ૐ.......નો નાદ ૧૦ મિનિટ કરવો. ત્યારબાદ ધીમે-ધીમે તમારે આંખ ખોલવાની છે. આંખ ખોલતા પહેલા આજ્ઞાચક્ર પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. (આપણે જે તિલક કરીએ એ જગ્યા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે.) ધીમે-ધીમે વાદળી કલરને દૂર કરવાનો છે અને હવે ધીરે-ધીરે તમે આંખો ખોલો.

(૫) હવે જેવી તમારી આંખો ખુલશે એટલે તરત ॥ ૐ નમઃ ॥ ત્રણ વખત બોલવાનું છે.

ૐકાર ધ્યાન આસનની આ શ્રેણીમાં ધીરે-ધીરે હું તમને વધારે ને વધારે ધ્યાન તરફ ઊંડાણમાં લઈ જઈશ. આવતા અંકમાં હું આપને ૐકાર ધ્યાન ભાગ-૨ વિશે સમજૂતી આપીશ.

ૐકારના દિવ્ય ચૈતન્ય અને આશીર્વાદ આપના પર રહે અને આપ ધ્યાનમાં ખૂબ ઊંડા જઈ શકો, આત્મસાક્ષાત્કારની દિશામાં આગળ વધી શકો, આપ ઈન્દ્રલોક અને મોક્ષ તરફ પ્રયાણ કરી શકો એવા મારા આપને શુભ આશિષ છે.

॥ ૐ નમઃ... ૐ નમઃ..... ૐ નમઃ.... ॥



**ૐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત**

# ૐ શ્રી ધનલક્ષ્મી કુબેરદેવ મહાયજ્ઞ

મંત્રશક્તિના તેજોમય
ઉચ્ચારણ મધ્યે સંપૂર્ણ શાસ્ત્રોક્ત
વિધિવિધાનથી સજ્જ



## પાવન શુભ નિશ્રા

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**શક્તિશાળી મંત્રોના તેજોમય ઉચ્ચારણ, દાર્શનિક સ્વરૂપ, હોમ અને આહ્‌વાન દ્વારા ભૌતિક અને સાંસારિક તેમજ આધ્યાત્મિક કાર્યમાં દિવ્ય અને ચમત્કારિક પરિણામો આપનાર આ પાવન મહાયજ્ઞમાં જોડાઇ આ અમૂલ્ય અવસરનો લાભ આપ સૌ ભક્તજનોએ અવશ્ય લેવો.**

## પાવન શુભ દિવસ

**૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ - રવિવાર**

## પાવન શુભ સમય

**સવારે ૮ થી ૧૧**

## પાવન શુભ સ્થળ

**ૐકારધામ તીર્થ, પાનવા**

|| ૐ નમઃ ||

# ૐ શ્રી ધનલક્ષ્મી કુબેરદેવ મહાયજ્ઞથી થતા ફાયદા

- આકસ્મિક ધનવાન બનવાના યોગો પ્રબળ બને અને ધન વૈભવ વધ્યા જ કરે તેમજ ધન સ્થિર થાય.
- જીવનમાં ધારેલા આર્થિક કાર્યોની પૂર્ણાહૂતિ થાય અને પ્રતિષ્ઠામાં વધારો થાય.
- નજરટોક, બાહ્ય અવરોધ, શારીરિક કે માનસિક પીડા અને તકલીફોમાંથી મુક્તિ મળે.
- લગ્ન અવરોધ, સામાજિક અવરોધ, સંતાનપ્રાપ્તિમાં અવરોધ હોય તો તે કાર્ય સિદ્ધ થાય.
- મન સક્ષમ રાખે, દરેક કામમાં વિજય અપાવે અને શત્રુઓથી આપની રક્ષા થાય.
- કુટુંબમાં સંપ અને શાંતિ પ્રસ્થાપિત થાય તેમજ ધાર્મિક કાર્યો થાય.
- આર્થિક ઉન્નતિમાં અવિરત વધારો થાય અને દેવામાંથી મુક્તિ મળે.
- આપની ઓરામાં પ્રબળ સકારાત્મક ઊર્જા નિર્માણ થાય જેનાથી આપના ધાર્યા કામ સફળ થાય અને આધ્યાત્મિક ક્ષેત્રે ક્રાંતિ થાય જે આ મહાયજ્ઞનો મુખ્ય લાભ છે.

## ખાસ સૂચના

(૧) આ મહાયજ્ઞમાં ભાગ લેનાર પરિવારજનોએ આગલા દિવસે ૐકારધામ તીર્થ, પાનવા ખાતે આવી જવાનું રહેશે. (૨) આપ સર્વની રહેવાની, ભોજનની તેમજ અમદાવાદથી ૐકારધામ તીર્થ, પાનવા લઈ જવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. (૩) મહાયજ્ઞ કુંડ ખૂબ મર્યાદિત રાખવામાં આવેલ હોવાના કારણે આપે આપનું નામ **મોબાઈલ નંબર : 9429208997** પર નોંધાવી દેવાનું રહેશે. (૪) એક યજ્ઞકુંડ પર પરિવારના પાંચ સભ્યો લાભ લઈ શકશે. (૫) મહાયજ્ઞમાં પુરુષોએ સફેદ ઝભ્ભો-લેંઘો અને બહેનોએ ગુલાબી રંગની સાડી પહેરવાની રહેશે.

## સંપર્કસૂત્ર

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)


**ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ**

સેવા સમર્પણ ફાઉન્ડેશન

(Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free 5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ

(Trust Reg. No. E/20646/Ahmedabad)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી ફ્લેટ, અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે,
નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(મો) 9429208997, 8758999297, 9376334289

Email ID : omkarsampraday@ gmail.com

Website : www.sadguruomrushi.org


ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# કેન્સર નહિ પણ મને ગરીબી મારશે
## (સંપૂર્ણ સત્ય ઘટના)

2006 માં હું મુંબઇના પ્રવાસે ગયો હતો. આખા દિવસ દરમિયાન બહુ બધાં ભક્તો પોતાના પરિવાર સાથે મને મળવા માટે આવ્યા હતાં. આખો દિવસ આવનાર મુલાકાતીઓ અને ભક્તોને મળવાના કારણે સાંજના સાડા સાતે હું ખૂબ થાકી ગયો હતો. એ વખતે મારો સેવક મારા કક્ષમાં પ્રવેશ્યો.

"ગુરૂજી, પચાસ વર્ષની ઉંમરની આસપાસના એક બહેન આપને મળવા માટે આજીજી કરી રહ્યા છે. મેં કહ્યું કે આપ ખૂબ થાકી ગયા છો છતાં પણ મળવાની જીદ કરે છે. અંદર મોકલું?" મારા સેવકે આવીને મને આ પ્રમાણે કહ્યું હતું.

મેં માથું હલાવીને હા પાડી, કારણકે મને મળવા આવનાર વ્યક્તિ મને મળ્યા વગર પરત ફરે એ મને જરાય ગમતું નથી. માટે થાકને અવગણીને મેં મુલાકાત માટેની પરવાનગી આપી હતી.

પચાસ વર્ષની ઉંમરના એ બહેન મારા કક્ષમાં પ્રવેશ્યા. એમને જોતાં એવું લાગ્યું કે ઉંમર ભલે પચાસની છે પરંતુ શરીરથી એ સિત્તેર વર્ષની આસપાસ લાગતા હતાં. શરીર એકદમ દુબળું પાતળું, આંખો અંદર જતી રહી હતી, ગરીબીની રેખાઓ એમના કપાળ ઉપર ઉપસી આવી હતી. એ બહેન મને વંદન કરીને મારી સામેની ખુરશીમાં બેઠાં.

"ગુરૂજી, હું દહીસરમાં ભાડાના એક રૂમ રસોડાના ઘરમાં રહું છું. હું હવે આ દુનિયામાં એકલી જ છું. બે વર્ષ પહેલા મારા પતિ મૃત્યુ પામ્યા છે અને હું નિઃસંતાન છું. પરંતુ ઘરનું ભાડું ભરવા અને બે ટાઇમનો ખોરાક ખાવા માટે હું ખાખરા પાપડ બનાવીને વેચું છું. છ મહિના પહેલા જ ડોક્ટરે એવું નિદાન કર્યું છે કે મને સ્તન કેન્સર છે. પરંતુ મારી પાસે શહેરની સીવીલ હોસ્પિટલમાં પણ ઇલાજ કે દવા કરાવવાના પૈસા નથી. તમે મને એવા આશીર્વાદ આપો કે હું જીવનના છેલ્લા શ્વાસ સુધી મારી જાતે મારું ગુજરાત ચલાવી શકું અને મારું મૃત્યુ થાય તો પણ ઊંઘમાં મૃત્યુ થાય." બહેનની પીડા ભરેલી વાત સાંભળીને હું એક ક્ષણ માટે મૌન થઇ ગયો હતો. પછી મેં એમની સામે જોઇને કહ્યું હતું.

"બહેન, તું તારા કેન્સર માટેની દવા કરાવ. હું તને એમાં આર્થિક સહયોગ આપીશ." મેં બહેનને આશ્વાસન આપતા કહ્યું હતું.

"ના ગુરૂજી, મેં નક્કી કર્યું છે કે હું મારા આ રોગ માટે કોઇપણ જાતની દવા નહીં લઉં. જો ઈશ્વરે મારા જીવનમાં આયુષ્ય લખ્યું હશે તો કેન્સર મને મારી નહીં શકે અને જો મૃત્યુ લખ્યું હશે તો સ્વસ્થ શરીર હશે તો પણ મૃત્યુ આવીને રહેશે. મને આપની પાસેથી પૈસા નહીં પરંતુ એવા આશીર્વાદ જોઇએ છે કે જેથી હું મારા મજબૂત મન સાથે મારા જીવનના બાકીના વર્ષો બે ટાઇમ પેટ ભરીને જમી શકું અને ઘરનું ભાડું ભરી શકું અને એ પણ કોઇની પણ પાસેથી મદદ લીધા વિના, મારી ખુદની મહેનતથી મારું ગુજરાન ચલાવી શકું. બસ, આ જ મારી એક માત્ર ઇચ્છા છે. મેં મારા જીવનમાં ક્યારેય પણ કોઇની સામે હાથ લંબાવ્યો નથી અને ક્યારેય કોઇની મદદ નહીં લેવાનો મેં નિયમ લીધો છે. માટે કેન્સર મને મારવા ઇચ્છે તો ભલે મારે,

પરંતુ ભૂખ્યા પેટે ગરીબીના કારણે મારું મૃત્યુ થાય એવું હું કદાપિ ઇચ્છતી નથી. આપ મને આશીર્વાદ આપો કે મારું મનોબળ અને સંકલ્પ દૃઢ રહે."

'તથાસ્તુ' કહી મેં આશીર્વાદ આપ્યા અને ત્યારબાદ એ બહેન નીકળી ગયા.

વર્ષ 2007માં જ્યારે ફરીવાર હું મુંબઇ પ્રવાસે હતો ત્યારે સવારના અગિયાર વાગે એ બહેન મને મળવા આવ્યા. એ બહેનને જોઇને હું ઓળખી ના શક્યો, કારણકે એમનું રૂપ રંગ બધું બદલાઇ ચૂક્યું હતું. દુબળું પાતળું શરીર ભરાવદાર બની ગયું હતું. મોઢું અને આંખો જે સાવ નિસ્તેજ થઇ ગયા હતાં તેમાં ચમક ઉભરી આવી હતી. એમની સાથે એક ભાઇ પણ હતાં.

"ગુરૂજી, મેં લગ્ન કરી લીધા. આ મારા પતિ વિષ્ણુભાઇ છે. તેઓ પણ વિધુર હતાં. આપને મળ્યા પછી અને આપના આશીર્વાદથી મારું કામ સરસ ચાલી રહ્યું હતું. એક વખત મારા ત્યાં ખાખરા અને પાપડ લેવા તેઓ આવ્યા હતાં. મને બે વખત મળ્યા બાદ તેમણે મારી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો. મેં એમને મને કેન્સર થયું છે એ વાત જણાવી હતી. પરંતુ એમણે કહ્યું કે 'તારી પાસે જેટલું પણ જીવન હશે આપણે સાથે વીતાવીશું.' અને અમે લગ્ન કરી લીધા. લગ્ન કરે મારે દોઢ વર્ષ થયું છે. પરંતુ દોઢ વર્ષમાં મારું જીવન ફરીવાર નવપલ્લવિત થઇ ગયું છે. મને જોતાં આજે કોઇપણ ના કહી શકે કે અઢી વર્ષ પહેલા ડોક્ટરોએ મને કેન્સરનું નિદાન કર્યું હતું. મેં ઈશ્વરના આશીર્વાદ અને આપના આશીર્વાદના માધ્યમથી મેં આજ દિન સુધી મારા કેન્સરની તપાસ કરાવી નથી અને તમારી સામે સ્વસ્થ જીવન મારા પતિ સાથે જીવી રહી છું. મારા જીવનમાંથી ગરીબી દૂર થઇ એ સાથે કેન્સર જેવી ભયાવહ માંદગી પણ કદાચ દૂર થઇ ગઇ અથવા તો સુષુપ્ત થઇ ગઇ હોય એવું મને લાગે છે. કુદરતે મારા જીવનમાં જે લીલા કરી હોય પરંતુ મારા આ નવજીવનને આપે મને આપેલા આશીર્વાદનો પ્રસાદ ગણું છું." લતાબહેને મને પગે લાગતા કહ્યું હતું.

"ના બહેન, મારા નહિ પરંતુ તને ઈશ્વરના અને કુદરતના આશીર્વાદ ફળ્યા છે. તે તારી મક્કમ અને દૃઢ સંકલ્પશક્તિના આધારે કુદરતને પણ ઝુકાવી દીધી. સાવિત્રી પોતાના પતિના પ્રાણ યમરાજ પાસેથી લઇ આવી હતી, પરંતુ તે તો તારી અંદર રહેલી સ્ત્રીશક્તિને જાગ્રત કરી તારા પ્રાણ કુદરત ના લઇ શકે તે માટે કુદરતને પણ તે વિવશ કરી દીધી હોય એવું હું મારી દિવ્ય દૃષ્ટિથી જોઇ શકું છું. ઈશ્વરનો ખેલ અનોખો છે. એ ક્યારે, કયા સમયે, કોની જોડે શું ચમત્કાર કરશે એ કદાચ ઈશ્વર સિવાય કોઇ જાણતું નથી. પરંતુ તારા જીવનમાં થયેલા ચમત્કારનું કારણ તું પોતે જ છે. ઈશ્વર તને સુખી રાખે." મેં પતિ-પત્નીને આશીર્વાદ આપતા કહ્યું હતું.

આજે લતાબહેન અને વિષ્ણુભાઇ પોતાના મકાનમાં રહી રહ્યા છે. મારી ડાયરીના પાનાંઓમાંથી આ એક સત્ય ઘટના મેં આજે આપને જણાવી. જે ઘટના મારી ડાયરીના પાનાં સુધી સીમિત હતી એ આપ સૌ સુધી પહોંચી શકી એ વાતનો મને આનંદ છે.

લિ. ૐગુરુ

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન પીળા કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને એક ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ કલરના વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને એક ચપટી મીઠુ બાંધી દુકાનનાં કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનનાં કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને એક ચપટી મીઠુ બાંધી કેશ કાઉન્ટરમાં મુકી દેવો અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન ગુલાબી કલરના વસ્ત્રમાં કઠોળના ચણાના ચાર દાણા અને એક ચપટી મીઠુ બાંધી દુકાનનાં કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખીસ્સામાં રાખવા અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ લાલ કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને એક ચપટી મીઠુ બાંધી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને એક ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

॥ ૐ નમઃ ॥

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૧૨-૨૪ | શનિવાર | ૐ લક્ષ્મીતા |
| ૨૨-૧૨-૨૪ | રવિવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૨૩-૧૨-૨૪ | સોમવાર | ૐ ક્રિષ્ણાય |
| ૨૪-૧૨-૨૪ | મંગળવાર | ૐ રાહુદેવ |
| ૨૫-૧૨-૨૪ | બુધવાર | ૐ ચંદ્રદેવ |
| ૨૬-૧૨-૨૪ | ગુરુવાર | ૐ કેતુદેવ |
| ૨૭-૧૨-૨૪ | શુક્રવાર | ૐ બુધદેવ |
| ૨૮-૧૨-૨૪ | શનિવાર | ૐ ગુરૂદેવ |
| ૨૯-૧૨-૨૪ | રવિવાર | ૐ શુક્રદેવ |
| ૩૦-૧૨-૨૪ | સોમવાર | ૐ શનિદેવ |
| ૩૧-૧૨-૨૪ | મંગળવાર | ૐ મંગળદેવ |
| ૦૧-૦૧-૨૫ | બુધવાર | ૐ સૂર્યદેવ |
| ૦૨-૦૧-૨૫ | ગુરુવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર |
| ૦૩-૦૧-૨૫ | શુક્રવાર | ૐ શિવાય |
| ૦૪-૦૧-૨૫ | શનિવાર | ૐ ચંદ્રમૌલેશ્વર |
| ૦૫-૦૧-૨૫ | રવિવાર | ૐ લક્ષ્મી-ગણેશ |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૬-૦૧-૨૫ | સોમવાર | ૐ નમઃ |
| ૦૭-૦૧-૨૫ | મંગળવાર | ૐ ધનશક્તિ |
| ૦૮-૦૧-૨૫ | બુધવાર | ૐ ધનીત્ય |
| ૦૯-૦૧-૨૫ | ગુરુવાર | ૐ રાજલક્ષ્મીદેવી |
| ૧૦-૦૧-૨૫ | શુક્રવાર | ૐ ગજલક્ષ્મીદેવી |
| ૧૧-૦૧-૨૫ | શનિવાર | ૐ શુભાંશુલક્ષ્મીદેવી |
| ૧૨-૦૧-૨૫ | રવિવાર | ૐ ગુરુત્ય |
| ૧૩-૦૧-૨૫ | સોમવાર | ૐ દુર્ગેશ્વરીદેવી |
| ૧૪-૦૧-૨૫ | મંગળવાર | ૐ ચક્રાંતશક્તિ |
| ૧૫-૦૧-૨૫ | બુધવાર | ૐ લક્ષ્મીસિદ્ધા |
| ૧૬-૦૧-૨૫ | ગુરુવાર | ૐ કુબેરદેવ |
| ૧૭-૦૧-૨૫ | શુક્રવાર | ૐ મહાકાલેશ્વર |
| ૧૮-૦૧-૨૫ | શનિવાર | ૐ વામસિદ્ધિ |
| ૧૯-૦૧-૨૫ | રવિવાર | ૐ ત્રામજ |
| ૨૦-૦૧-૨૫ | સોમવાર | ૐ વારિત્ય |
| | | |



|| ૐ નમઃ ||

# Invitation

ફક્ત દિવ્યાંગજનો માટે

## 10 DIVYANG KITE Festival

**FOR INTELLECTUALLY DISABLED**

**Date : 5-1-2025, Sunday | Time : 8.30 AM to 1:30 PM**

**Venue : Annapurna Party Plot,**

**New Vikas Gruh Road, Paldi, Ahmedabad.**



ॐकार फाउन्डेशन ट्रस्ट

"માનવસેવા એ જ ઈશ્વરસેવા"

**ORGANISED BY:**
**SEVA SAMARPAN FOUNDATION**
**OMKAR FOUNDATION TRUST**

**MANAGED BY:**
**OMKAR SEVA DAL**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**પતંગ મહોત્સવમાં ભાગ લેનાર દિવ્યાંગ ભાઈઓ તથા બહેનો એ નંબર: 9974955125 ઉપર જાણ કરી ને પાસ મેળવી લેવા.**

|| ૐ નમઃ ||

## જાહેર આમંત્રણ

**"દર્શન માત્ર સે મિટે કષ્ટ"**

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ - રવિવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**